# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 19-05-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

---------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# CM MEHSANA

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મહેસાણાના વિસનગર ખાતે આજે 495 કરોડ રૂપિયાથી વધુના વિવિધ વિકાસ પ્રકલ્પોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું. આ પ્રસંગે શ્રી પટેલે જણાવ્યું, રાજ્યમાં દર વર્ષે 7 હજારથી વધુ તબીબ તૈયાર થાય છે.

(બાઇટ: મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ)

કાર્યક્રમ દરમિયાન શ્રી પટેલે વિસનગર બાયપાસ રોડ પ્રોજેક્ટ અંતર્ગત જમીન સંપાદનના વળતરના ચેક જમીનધારક ખેડૂતોને અર્પણ કર્યાં. તેમજ આ વિસ્તારના ક્ષયના દર્દીઓને નિ:ક્ષય કિટ તેમજ સગર્ભા અને ધાત્રી માતાઓને પોષણ કીટનું વિતરણ કર્યું. ઉપરાંત ઉમતા-દેણપ રોડ ખાતે તેમણે શ્રી કમલ-સંધ્યા 'અપના ઘર' આશ્રમ-ઉમતાનું લોકાર્પણ પણ કર્યું.

. . . . . . . . . . . .

# DANG NAVA NEER

ડાંગ જિલ્લામાં કમોસમી વરસાદના કારણે અંબિકા નદીમાં નવા નીર આવતા લોકોમાં આનંદની લાગણી જોવા મળી. આ અવસરે સ્થાનિકોએ અંબિકા નદીની પૂજા કરી નીરના વધામણાં કર્યાં. આ ઉપરાંત તેમણે નદીને સાડી અર્પણ કરીને જળ દેવતાનો આભાર માન્યો.

આ પ્રસંગે સાધ્વી યશોદા દીદીએ જણાવ્યું કે, અંદાજે દસ દિવસથી વરસાદનો માહોલ હોવાથી અંબિકા નદી ખળખળ વહેતી થતાં ડાંગની પરંપરા મુજબ, આંબાપાડા અને ગીરાધોધની પૂજા કરવામાં આવી.

. . . . . . . . . . .

# SIDDHPUR ACCIDENT

પાટણમાં એક લક્ઝરી બસ પલટી જતા 14 જેટલા પ્રવાસી ઈજાગ્રસ્ત થયાના અહેવાલ છે. મળતી માહિતી મુજબ, સિદ્ધપુરના ખળી ચાર રસ્તા નજીક જોધપુરથી સુરત જતી બસના ચાલકે મોડી રાત્રે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવતા આ ઘટના બની હતી. હાલમાં તમામ ઈજાગ્રસ્તોને સારવાર અર્થે સિવિલ હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. જ્યારે પોલીસે આ અંગે તપાસ તપાસ હાથ ધરી છે.

. . . . . . . . . . . .

# ARVALLI PM AWAS

અરવલ્લી જિલ્લાની આંબાવા ગ્રામ પંચાયત હસ્તકના, વાત્રક બંધ વચ્ચે આવેલા ટાપુ પર રહેતાં મહિલાને પ્રધાનમંત્રી આવાસ યોજનાનો લાભ મળ્યો છે. વર્ષોથી ઝૂંપડું બનાવીને રહેતા અમરીબેનને સરકાર તરફથી સહાય મળતા હવે તેમણે પાકું મકાન બનાવ્યું છે.. આ મકાન બનતા અનેક મુશ્કેલીઓ દૂર થઈ હોવાનું તેમણે જણાવ્યું.

(બાઈટ : અમરીબેન નાયકા, લાભાર્થી)

. . . . . . . . . . . .

# MEHSANA CRICKET

મહેસાણામાં ઉનાળું વેકેશનમાં બાળકોને મોબાઈલ રમતોથી દૂર રાખવાના હેતુથી ક્રિકેટ કાર્નિવલનું આયોજન કરાયું છે. મહેસાણા નજીક આવેલા પાચોટ ખાતે યોજાયેલા કાર્નિવલમાં મહિલાઓની 26, પુરુષોની 25 અને બાળકોની 20 એમ 71 ટીમે ભાગ લીધો છે. દરેક ટીમમાં સાત ખેલાડી રખાયા છે. તેમજ મૅચ છ ઑવરની રહેશે. આ ટૂર્નામેન્ટમાંથી મળતો ફાળો ગામની દીકરીઓના શિક્ષણ માટે ઉપયોગમાં લેવાશે.

. . . . . . . . . . . .

# HNGU ADMISSION

પાટણની હેમચંદ્રાચાર્ય વિશ્વ-વિદ્યાલય સંલગ્ન મહાવિદ્યાલયોમાં સ્નાતક અભ્યાસક્રમમાં પ્રવેશ માટે અરજી ભરવાની મુદત 21 મે સુધી લંબાવવામાં આવી છે. 60 હજાર બેઠક સામે 26 ટકા જેટલી જ અરજી મળતાં વિદ્યાર્થીઓ પ્રવેશથી વંચિત ન રહે તે માટે આ નિર્ણય કરાયો છે. ઉલ્લેખનીય છે કે, આ વર્ષે પ્રવેશ પ્રક્રિયા ફરજિયાત જીકાસ પૉર્ટલ પર જ

કરવામાં આવી રહી છે. ત્યારે અરજીની ચકાસણી 23 મે-એ કરાશે. તેમજ 24થી 28 મે વચ્ચે વિદ્યાર્થીઓના ડેટા આધારે મેરિટ લિસ્ટ તૈયાર કરાશે.

વિશ્વ-વિદ્યાલય દ્વારા પ્રથમ મૅરિટ રાઉન્ડ 29 મે-એ જાહેર કરાશે અને 31 મે સુધી પ્રવેશ લઈ શકાશે. જ્યારે બીજો રાઉન્ડ ત્રણ જૂને, ત્રીજો રાઉન્ડ છ જૂને અને ચોથો રાઉન્ડ 11 જૂને જાહેર કરાશે. અંતિમ પ્રવેશ 12 જૂન સુધી મેળવી શકાશે.

. . . . . . . . . . . .

# Dang – Krushi vigyaan Kendra

ડાંગ જિલ્લાનાં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર વઘઈ ખાતે નેશનલ મિશન ઓન નેચરલ ફાર્મિંગ યોજના અંતર્ગત તાલીમ યોજાઇ હતી. પાંચ દિવસની તાલીમ દરમિયાન કૃષિ સખીઓને પ્રાકૃતિક ખેતી અંગે માહિતી આપવામાં આવી હોવાનું કૃષિ વૈજ્ઞાનિક હર્ષદ પ્રજાપતિએ જણાવ્યું. ...

(બાઈટ – હર્ષદ પ્રજાપતિ, કૃષિ વૈજ્ઞાનિક, ડાંગ)

--------------------------------